ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે દેશ ૭૦મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવશે

## મજબૂત સલામતીની વચ્ચે આજે સ્વતંત્રતા દિવસની ઉજવણી થશે : મોદીના ભાષણ વેળા પ્રથમ વખત એમઆઇ-૧૭ હેલિકોપ્ટર તૈનાત : ઐતિહાસિક લાલ કિલ્લા ખાતેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણ પર દેશવાસીઓની નજર

નવી દિલ્હી,તા. ૧૪

દેશમાં આવતીકાલે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. દેશના તમામ રાજ્યો ભવ્ય ઉજાળણી કરવા માટેની તૈયારી કરી ચુક્યા છે. અભૂતૂપર્વ સુરક્ષા અને દેશભક્તિના માહોલમાં આવતીકાલે ઉજવણી કરવામાં આવનાર છે. આ વખતે સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના ત્રીજા ઐતિહાસિક સંબોધનને લઈને લોકોમાં ભારે ઉત્સુકતા છે. મોદીને લાલ કિલ્લા પરથી સાંભળવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. મોદીના ભાષણની તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. મોદી જ્યારે ભાષણ કરશે ત્યારે આશરે ૧૦૦૦૦ લોકો હાજર રહેશે.હાલમાં સુરક્ષા સંસ્થાઓ સંપૂર્ણપણે સાવધાન છે. વડાપ્રધાનના આવાસથી લઈને લાલ કિલ્લા સુધી લોંખડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ભાષણ દરમિયાન પ્રથમ વખત એમઆઈ-૧૭ હેલિકોપ્ટર તૈનાત રાખવામાં આવનાર છે. આ ઉપરાંત એન્ટી વાયુ સેના હિંડન એરબસ પણ કોઈ પણ ખતરાને પહોંચી વળવા માટે તૈયાર છે. અહી સુધી સ્વતંત્રતા દિવસના પ્રસંગે માત્ર એમઆઈ-૩૫ તૈનાત કરવામાં આવતા હાતા પરંતુ આ વખતે અતિ આધુનિક હથિયારો સાથે સજ્જ એમઆઈ-૧૭ પણ તૈનાત રહેશે. ઉંચી ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન ગોઠવી દેવામાં આવી છે. ૩૬૦ ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન તૈનાત કરવામાં આવી ચુકી છે. સીસીટીવી કેમરાની સંખ્યા બે ગણી કરી દેવામાં આવી છે. હવાઈ દળના આઠ હેલિકોપ્ટર માત્ર લાલ કિલ્લાની આસપાસ જ નહી બલ્કે સમગ્ર દિલ્હી -એનસીઆર પર નજર રાખશે. સુરક્ષા માટે ફુલપ્રુફ પ્લાન અમલી છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે. સુરક્ષા દળો સામે પડકારરૂપ સ્થિતી સર્જાઇ છે. આ વખતે હુમલાની શક્યતાને ધ્યાનમાં લઈને આકાશથી જમીન અને જમીનની અંદર પર કેટલાક સ્તરની સુરક્ષા રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાઈટેક ગેજેટ, બોડી આર્મર, હેલ્મેટ અને દુરબીન સાથે સજ્જ જવાનો ગોઠવવામાં આવનાર છે. ૧૫મી ઓગષ્ટના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક લાલ કિલ્લા પર ત્રીજી વખત તિરંગો ધ્વજ લહેરાવશે. ત્યારબાદ ભાષણ આપશે. મોદી લાલ કિલ્લા પરથી ત્રીજી વખત ભાષણ કરનાર છે. આ વખતે લાલ કિલ્લાની સુરક્ષા કેટલીક રીતે અલગ પ્રકારની રહેશે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુછે કે ડોગ સ્કોવોડ અને બોમ્બ ડિકેટ્શન ટીમની મદદથી વિસ્તારમાં દરરોજ એક ડઝન વખત સાફ કરવામાં આવે છે. ક્વિક રિએકશન ટીમો મોરચા સંભાળી ચુકી છે. સોમવારથી લાલ કિલ્લાને દિલ્હી પોલીસની પીએમ સિક્યુરિટી વિંગની નજર હેઠળ છે.સીઆઈએસએફની મદદ પણ લેવામાં આવી રહી છે. આમાં સીઆઈએસએફના ૩૦૦ જવાનો વર્ષથી તૈનાત રહે છે. ૧૫મી ઓગષ્ટ માટે વધારાના ૩૫૦-૪૦૦ જવાનોને તૈનાત કરવામાં આવી રહ્યા છે. લાલ કિલ્લાની નજીક એક દિવસ માટે મેટ્રો ટ્રેનને બંધ રાખવામાં આવશે. તેની બન્ને બાજુએ ગાર્ડ તૈનાત રહેશે. લાલ કિલ્લાની આસપાસ મહત્વપૂર્ણ જગ્યાએ ૩૦૦થી વધારે શાર્પ શુટરો રહેશે.





# અંકુશ રેખા પાસે પાકનો ભીષણ ગોળીબાર

## સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા જ પાકિસ્તાન દ્વારા ગોળીબાર : પાકિસ્તાન દ્વારા કરાયેલા ગોળીબારનો ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો : ચાર મહિના સુધી શાંતિ રહ્યા બાદ અંકુશરેખા ઉપર ફરી ગોળીબાર

શ્રીનગર,તા. ૧૪

ચાર મહિના સુધી શાંતિ રહ્યા બાદ અંકુશ રેખા ઉપર ફરી એકવાર પાકિસ્તાને જોરદાર ગોળીબાર કરીને સ્થિતિને તંગ બનાવવાના પ્રયાસ કર્યા છે. સ્વતંત્રતાના એક દિવસ પહેલા જ પાકિસ્તાન દ્વારા આ સાહસ કરવામાં આવ્યું છે. જમ્મુ કાશ્મીરના પૂંચ સેક્ટરમાં અંકુશરેખા નજીક પાકિસ્તાને જોરદાર ગોળીબાર કર્યો છે. સાથે સાથે તોપમારો પણ ચલાવ્યો છે. પાકિસ્તાન દ્વારા જોરદાર ગોળીબાર કરવામાં આવ્યા બાદ ભારતે પણ જવાબી કાર્યવાહી કરી હતી. બંને દેશોના જવાનો વચ્ચે કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. જો કે, આમા કોઈ ખુવારીના સમાચાર મળ્યા નથી. ડિફેન્સ પ્રવક્તા લેફટી કર્નલ મનિષ મહેતાએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરના પૂંચ સેક્ટરમાં અંકુશરેખા પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો જેનો જોરદાર જવાબ આપવામાં આવ્યો હતો. આજે વહેલી પરોઢે ત્રણ વાગ્યાથી પૂંચ સેક્ટરમાં પાકિસ્તાની સેના તરફથી ભારે મોર્ટાર, નાના હથિયારો અને આધુનિક હથિયારો સાથે ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં ભારતે પણ કાર્યવાહી કરી હતી. પ્રવક્તાએ કહ્યું હતું કે, સૈનિકો દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવ્યા બાદ પાકિસ્તાની સૈનિકોએ પીછેહઠ કરી હતી. ભારતીય સેનાને આ ગોળીબારમાં કોઈ નુકસાન થયું નથી. ચાર મહિના સુધી અંકુશરેખા ઉપર સંપૂર્ણ શાંતિ રહ્યા બાદ આજે ફરી એકવાર યુદ્ધ વિરામનો ભંગ કરાયો છે. આ વર્ષે ૧૦મી એપ્રિલના દિવસે છેલ્લી વખત પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. અગાઉ પાકિસ્તાને ૧૮મી સપ્ટેમ્બર ૨૦૧૫ના દિવસે યુદ્ધ વિરામનો ભંગ કર્યો હતો.



પૂંચ જિલ્લાના બાલાકુટે સેક્ટરમાં તે વખતે ગોળીબાર કરાયો હતો. ગયા વર્ષે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૧૬ લોકોના મોત થયા હાત અને ૭૧ લોકો ઘાયલ થયા હતા. સરહદપારથી ગોળીબારના ૪૦૫ બનાવ બન્યા હતા. આવી જ રીતે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર યુદ્ધ વિરામ ભંગના ૨૫૩ બનાવ બન્યા હતા જે પૈકી ૧૫૨ બનાવ ખુબ જ ખતરનાક હતા. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા યુદ્ધવિરામના ભંગના કારણે ૮૦૦૦ લોકોને કામચલાઉ અસર થઈ છે.

# ત્રીજી ટેસ્ટ મેચમાં વિન્ડિઝ પર ભારતની ૨૩૭ રને ભવ્ય જીત

## મેન ઓફ ધ મેચ તરીકે અશ્વિનની પસંદગી : વિન્ડિઝ ટીમ તેના બીજા દાવમાં ૧૦૮ રનમાં ઓલઆઉટ



ગ્રોસઆઈલેન્ડ, તા.૧૪

ગ્રોસઆઈલેન્ડના ડેરેન સામી નેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટમાં ભારતે વિન્ડિઝ ઉપર ૨૩૭ રને જીત મેળવીને આ શ્રેણી ૨-૦થી જીતી લીધી છે. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં એક ટેસ્ટ મેચ વરસાદ અને ખરાબ હવામાનના કારણે ડ્રોમાં રહી હતી. પાંચમા અને અંતિમ દિવસે ભારતે જોરદાર રમત રમી હતી. ભારતીય ટીમે તેનો બીજો દાવ સાત વિકેટે ૨૧૭ રન કરીને ડિકલેર કર્યો હતો. ભારત તરફથી રહાણે ૭૮ રન કરીને નોટઆઉટ રહ્યો હતો. રોહિત શર્મા ૪૧ રનમાં જ આઉટ થયો હતો. બીજી બાજુ ભારતે દાવ ડિકલેર કરીને વિન્ડિઝને જીતવા માટે ૩૪૬ રનનો પડકાર ફેંક્યો હતો જેના જવાબમાં વિન્ડિઝની ટીમ માત્ર ૧૦૮ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. મેન ઓફ દ મેચ તરીકે ફરી એકવાર અશ્વિનની પસંદગી કરાઈ હતી. અશ્વિને આ ટેસ્ટ મેચમાં બંને ઈનિંગ્સમાં મળીને ત્રણ વિકેટ લેવાની સાથે સાથે ભારત તરફથી કટોકટીની સ્થિતિમાં ૧૧૮ રનની ઈનિંગ્સ રમી હતી જેમાં છ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. અશ્વિનની શાનદાર બેટિંગના લીધે જ ભારતે વિન્ડિઝ ઉપર લીડ મેળવી લેવામાં સફળતા મેળવી હતી. બીજા દાવમાં ભારત તરફથી રહાણેએ સૌથી વધુ ૭૮ રન કર્યા હતા જેમાં બે ચોગ્ગાનો સમાવેશ થાય છે. અશ્વિન એક રન કરીને આઉટ થયા બાદ ભારતે દાવ ડિકલેર કર્યો હતો. વિન્ડિઝ તરફથી બીજા દાવમાં તમામ બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. વિન્ડિઝ તરફથી બીજા દાવમાં બ્રાવોએ સૌથી વધુ ૫૯ રન કર્યા હતા. ભારત તરફથી મોહમ્મદ સામીએ ત્રણ, ઈશાંત અને જાડેજાએ બે-બે વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટ મેચમાં જોસેફે ટેસ્ટ ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી. વિન્ડિઝે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતે પ્રથમ દાવમાં ૩૫૩ રન કર્યા હતા. જેના જવાબમાં વિન્ડિઝની ટીમ પ્રથમ દાવમાં ૨૨૫ રન કરી શકી હતી. ભારતે બીજા દાવમાં સાત વિકેટે ૨૧૭ રન કર્યા હતા. જીતવા માટે વિન્ડિઝની ટીમ છેલ્લા દિવસે પણ વિકેટો બચાવી શકી ન હતી અને તેની કારમી હાર થઈ ગઈ હતી.

# બાપાના અંતિમ દર્શન માટે એસટી દ્વારા ખાસ વ્યવસ્થા

## વિશેષ એસટી બસ સાળંગપુર સુધી દોડાવાશે : દરેક ડેપોથી ૫થી ૧૦ બસની ફાળવણી કરવામાં આવી છે

અમદાવાદ,તા. ૧૪

પ્રમુખ સ્વામીના અક્ષર નિવાસ બાદ હરિભક્તોના દર્શન માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે ત્યારે આ બાબતની નોંધ લઈને એસટી દ્વારા પણ હરિભક્તો સરળરીતે દર્શન કરી શકે તે માટે સાળંગપુર સુધી એસટી દોડાવવાનું આયોજન કર્યુ છે. મોટી સંખ્યામાં બસ મારફતે હરિભક્તો સાળંગપુર પહોંચે તે માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. એસટીએ આ અંગેની વાત કરીને કહ્યું છે કે, આ સેવા આગામી દિવસોમાં જારી રહેનાર છે. હરિભક્તોની ભાવનાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. વાહન વ્યવહાર મંત્રી વલ્લભ કાકડિયા દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, દરેક ડેપોમાંથી પાંચથી ૧૦ જેટલી બસ ફાળવવામાં આવી રહી છે. દરેક જિલ્લામાં એસટી બસની સુવિધા તાત્કાલિક ધોરણે વધારવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, હરિભક્તોને દર્શન કરવા કોઈ તકલીફ ન પડે તે માટે વિશેષ આયોજન કરાઈ રહ્યું છે.

# લો કોસ્ટ આવાસ ખરીદવા પીએફનો ઉપયોગ કરવા ઘડાતી યોજના

## ચાર કરોડથી વધુ લોકોને રાહત મળે તેવી પ્રબળ સંભાવના : ઈપીએફઓના સભ્યો માટે હાઉસિંગ સ્કીમ ઉપર કામ જારી : દરખાસ્ત ટૂંક સમયમાં સીબીટીની બેઠકમાં રજૂ કરાશે : હાલમાં સ્કીમના મૂલ્યાંકનનો દોર

નવીદિલ્હી,તા. ૧૪

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી (ઈપીએફઓ) દ્વારા ટૂંક સમયમાં જ એક નવી સ્કીમ રજૂ કરવામાં આવનાર છે જે સ્કીમ હેઠળ લોકોસ્ટના આવાઝ ખરીદવા માટે પ્રોવિડંડ ફંડનો ઉપયોગ કરવા તેના ચાર કરોડથી વધુ ગ્રાહકોને મંજુરી આપવામાં આવશે. માસિક ઈન્સ્ટોલમેન્ટમાં પણ ચુકવણી કરવામાં આવે તેવી શક્યતા છે. પીએફ મારફતે આવાસ ખરીદવાની બાબત ટૂંક સમયમાં જ વાસ્તવિકતામાં ફેરવાઈ જશે. આ દિશામાં હાલમાં કામ થઈ રહ્યું છે. મોદી સરકાર દ્વારા રૂપરેખાની જાહેરાત કરવામાં આવ્યા બાદ નીતિ નિયમોને અમલી કરવામાં આવશે. શ્રમ સચિવ શંકર અગ્રવાલે માહિતી આપાત કહ્યું છે કે, એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)ના સભ્યો માટે એક હાઉસિંગ સ્કીમ ઉપર અમે કામ કરી રહ્યા છે. અગ્રવાલે એમ પણ કહ્યું હતું કે, આ સ્કીમ હેઠળ સભ્યોને આવાસની ખરીદી કરવા માટે તેમના પીએફ ગણતરી રજૂ કરવાની મંજુરી આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, આ દરખાસ્ત આગામી મહિને યોજાનારી ઈપીએફઓની સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીની બેઠકમાં રજૂ કરવામાં આવશે. સીબીટી દ્વારા આને મંજુરી આપવામાં આવ્યા બાદ આ સ્કીમ ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે.

આ સ્કીમની કેટલીક બાબતો દુવિધાભરી છે. કારણ કે, ગ્રાહકોને લોન લેવા માટે કેટલી હદ સુધી રકમની કઈ રીતે વ્યવસ્થા કરાશે તેની વાત કરી નથી. લોકોસ્ટના આવાસની ગણતરી કઈ રીતે થશે તેની પણ વાત કરાઈ નથી. અગ્રવાલે કહ્યું હતું કે, અમે કોઈપણ બાબત ગ્રાહકો ઉપર લાદવા ઈચ્છુક નથી જેથી અમે તેમના માટે જમીન ખરીદીશું નહીં અને મકાન બનાવીશું નહીં. ઓપન માર્કેટમાંથી તેમના પોતાના આવાસ પસંદ કરવા તેમને મંજુરી આપવામાં આવશે.

# જબલપુરમાં જન્મેલા મહંત સ્વામી બાપ્સનું નેતૃત્વ કરશે

## બાપ્સના છઠ્ઠા વડા તરીકે વરણી કરવામાં આવી : ૧૯૫૧-૫૨માં યોગીજી મહારાજના સંપર્કમાં આવ્યા હતા : ૧૯૫૭માં વિનુમાંથી વિનુભગત બની ગયા હતા

અમદાવાદ,તા. ૧૩

પ્રમુખ સ્વામીના અક્ષર નિવાસ બાદ બીએપીએસના છઠ્ઠા વડા તરીકે મહંત સ્વામીની વરણી કરવામાં આવી છે. સ્વામિનારાયણ સંસ્થાની પરંપરા મુજબ પ્રમુખ સ્વામી બ્રહ્મલીન થયાના ટૂંકા ગાળામાં જ અનુગામીની જાહેરાત કરવામાં આવી હતી. મહંત સ્વામીએ ૧૯૫૭માં યોગીજી મહારાજના હસ્તે દિક્ષા લીધી હતી. મહંત સ્વામીનો જન્મ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૩૩ના દિવસે જબલપુર મધ્યપ્રદેશમાં થયો હતો. તેમના પિતાનું નામ મણિભાઈ અને માતાનું નામ ડાહ્યીબેન હતું. તેઓ મૂળ આણંદના રહેવાસી હતા પરંતુ રોજગાર અર્થે જબલપુર ગયા હતા. મહંત સ્વામીનું પુરુ નામ કેશવ જીવનદાસ છે પરંતુ તેમના પરિવારના સભ્યો તેમને વિનુ કહીને બોલાવતા હતા. ૧૯૫૭માં વિનુ ભગત બની ગયા હતા. ૧૯૫૧ અને ૧૯૫૨માં તેઓ યોગીજી મહારાજના સંપર્કમાં આવ્યા હતા.



૨૦૧૩માં જ્યારે બાપાનું ઓપરેશન કરવામાં આવ્યું ત્યારે દુનિયાભરના કરોડો હરિભક્તોએ તેમના માટે પ્રાર્થના કરી હતી. પ્રમુખ સ્વામિ મહારાજની તબિયત છેલ્લા ઘણા સમયથી ખરાબ હતી જેથી મહંત સ્વામીને જવાબદારી સોંપવામાં આવી હતી. પત્ર દ્વારા પ્રમુખ સ્વામી મહારાજે મહંત સ્વામીને સંતોના પ્રશ્નોના સમાધાનની જવાબદારી સોંપી હતી. પ્રમુખ સ્વામી મહારાજે ૨૦મી જુલાઈ ૨૦૧૨ના દિવસે એક નિયુક્તિ પત્ર લખીને પોતાના આધ્યાત્મિક અનુગામી તરીકે મહંત સ્વામીને અનુસરવા કહ્યું હતું. તેમની આજ્ઞા મુજબ મહંત સ્વામીને હવે ગુરુ પરંપરાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજમાન કરવામાં આવ્યા છે. પ્રમુખ સ્વામી મહારાજે કરેલા મહાન કાર્યોને હવે તેઓ આગળ વધારશે.







